ાસ્તી
મુંબઈ
મધ-
ામા

પ્લેગના અનુભવી ઉપચારે મણુકા

(ફક્ત ૯૮ ટકા ફેનેહમુ નીવડેલા ઉપાયોનો સંગ્રહ)



…ા. આઈ. જી. મહેતા.
…મુંબઈ … મેજીસ્ટ્રેટ.

પ્લેગના અનુભવી ઉપચારો.

આ હેન્ડબુકનો પ્રચાર કરવા માટે જનસેવા અર્થે જથાબંધ મંગાવનાર માટે નીચે પ્રમાણે કિંમત રાખી છે

છુટક નકલ એક આનો. બહારગામ માટે દોઢ આનાની ટીકીટ મોકલવી

નકલ	રૂા. આ.	
૨૫	૧—૬—૦	વી. પી ખર્ચ જુદું
૫૦	૨— —	
૧૦૦	૪—૦	

છાપનારઃ—ગોવિંદજી ડાહ્યાભાઈ નાયક.
શ્રી "અનાવિલ બંધુ" પ્રી. પ્રેસ, બરાનપુરી ભાગળ,
ભાજીવાળી પોળ, અનાવિલ હોજની બાજુમાં—સુરત.

લેખક અને પ્રકાશકઃ—પ્રો. આઈ બી. મહેતા.
આયુર્વેદ મેડીકલ પ્રેકટીશનર.
૨૬૧ વાડીફળીઆ, રેટોર શેરી—સુરત.

પ્લેગના અનુભવી ઉપચારો.

પ્લેગ આર્ય શાસ્ત્રમાં ગ્રંથી જ્વર, વિષ જન્ય જ્વર, ગ્રંથીક સંન્નીપાત, અગ્નિ રોહણી વગેરે નામથી ઓળખાય છે.

આ રોગ ઘણોજ ચેપી છે એક વખત તે શરૂ થયો કે જલદીથી ગામે ગામે ફેલાતો જાય છે.

આ જીવલેણ વ્યાધી ઘણું ભાગે અશક્ત, રોગીને વૃદ્ધનો ભોગ લેતો નથી, પણ તે જુવાન સ્ત્રીપુરૂષોનો કાળ છે. સગર્ભા બાઈને થાય તો સારા થવાની આશા ઘણી થોડી રહે છે.

પ્લેગના કારણ.

(૧) ગાંઠીઆ તાવને પ્લેગવાળા ઉંદરો ફેલાવે છે.

(૨) ઉંદરોના ચાંચડો (Rat-flee) મનુષ્ય વચ્ચે તેમજ ઉંદરો આપસ આપસમાં ચેપને ફેલાવે છે.

(૩). ઘરમાં, ભોંયતળીઆ, કાતરીઆ, દીવાલો, ખંડેરો, ગંદકી દુર્ગંધ, અંધારૂ, સુર્યના પ્રકાશની તાણવાળી જગ્યામાં પ્લેગના જંતુઓ થોડા સમય લગી જીવે છે

હવા પ્લેગવાળી થઇ છે કે નહિ તે જાણવાની રીત.

સ્પીરીટ રેકટી ફાઇડની બતી કરવી જો હવા પ્લેગવાળી હશે તો બતી લાલ થશે. હવા શુધ્ધ હશે તો બતી જેવીજ શેડ પડશે.

પ્લેગના જંતુઓનો સંચાર થતો અટકાવવાના નિયમો.

૧ જે સ્થળે પ્લેગના કેસ માલમ પડે કે તે જગ્યા તરત છોડી ગામ બહાર ખુલ્લી હવામાં ઝુંપડાં બાંધીને લગભગ બે ત્રણ માસ રહેવું; પણ **ઉંદરોના જંતુઓ** પોતાની **સાથે ન આવે એ ખાસ ધ્યાનમાં** રાખવું જોઇએ.

૨ હવાની શુદ્ધી કરવાને યજ્ઞ. હોમ, ધુપ વગેરે કરવો જોઇએ.

૩ ફીનાઇલ છાંટી મકાન, મોરી, સંડાસ વગેરે જગ્યાઓ સ્વચ્છ રાખવી જોઇએ.

૪ હાઇડ્રો કારબન ઘન્ને શુદ્ધ કરવા માટે ઉત્તમ છે. આ પદાર્થને ઝીણો વાટી સળગાવવાથી ઓરડાની ગરમી વધે છે. આની ધુણી ત્રીવ હોવાથી દીવાલના નાના છીદ્રોમાં દાખલ થઈ જંતુઓનો નાશ કરે છે. આ પ્રયોગથી જે મકાનોની શુદ્ધી થાય છે ત્યાં ફરી પ્લેગના કેસ થતા નથી.

૫ હવા ચોકખી રાખવા ધૂપ હમેશા કાયમ રાખવો અને બિલકુલ ગંદકી થવા દેવી નહિ. (Cleanl ness is next to Godliness) આ અંગ્રેજી કહેવત ખાસ ધ્યાનમાં રાખવાની જરૂર છે.

૬ ઉંદરોને તાત્કાળ નાબુદ કરવા જોઇએ. ખાસ કરીને ધીચ વસ્તીમાં, અનાજની કોઠીમાં ઉંદરોની વસ્તી હોય છે. માટે તેને કોઇ પણ રસ્તે નાબુદ કરવા કારણ કે ઉંદરોનો વંશ બહુ ઝડપથી વધે છે.

૭ જેમ બને તેમ રકત શોધક દવાઓનો ઉપયોગ કરવો. ગંધક રકત શુધ્ધી માટે અકસીર છે.

૮ ઘી, દુધમાં જંતુઓના ઝેરનો ઘાત કરવાનો ઉત્તમ ગુણ રહ્યો છે

દેશી ફીનાઇલ બનાવવાની રીત.

૧ એક શેર તીવ્ર સરકામાં ૧ તોલો ઉંચી હીંગ બારીક વાટીને નાંખવી. આ પ્રવાહીનો ફીનાઇલ પ્રમાણે સંડાસ, ગટર, મોરી વગેરેમાં છાંટવામાં ઉપયોગ કરવો.

પ્લેગના વખતમાં દરરોજ નાની ચમચી આ મિશ્ર પીવાથી ઘણો ફાયદો થાય છે.

અંગ્રેજી જાણીતા હવા શુદ્ધ કરનાર પ્રવાહીઓ બનાવવાની રીત.

(૧) પાંચ ભાગ મોરથુથુ અને સાત ભાગ પાણીમાં મેળવવું.

(૨) પાંચ ભાગ કારબોલીક એસીડ અને સો ભાગ પાણી સાથે મેળવવું.

(૩) ½ ભાગ ફીનાઈલને ૧૦૦ ભાગ પાણીમાં મેળવવું અધીક તીવ્ર કરવુ હોય તો એક ભાગ ફીનાઈલ મેળવવું.

(૪) કલોરાઇડ ઓફ લાઈમ એક ભાગ અને દસહજાર ભાગ પાણી પ્લેગના જંતુઓનો પાંચ મીનીટમાં નાસ કરે છે.

(૫) એક ભાગ સલ્ફ્યુરીક એસીડ (તે ગંધકનો તેજાબ) અને દસહજાર ભાગ પાણી પાંચ મીનીટમાં પ્લેગના જંતુઓ નાબુદ કરે છે.

(૬) **મરક્યુરી લોશન.**

એક મોટા વાસણમાં સવાશેર મરક્યુરી પર ક્લોરાઈડ નાંખો અને ૨૦૦ રૂપીઆભાર હાઈડ્રો ક્લોરીક એસીડ મીશ્ર કરી લાકડીથી હલાવો. મીશ્ર થયા બાદ બારશેર સ્વચ્છ પાણી ઉમેરો મીશ્રનો ઉપયોગ કરતી વખતે ૨૫૦ શેર પાણી બીજુ ઉમેરવું પછી તેમાં લીલો રંગ નાંખો. એ રંગ નાંખવાનું કારણ જયારે ભીંતપર છાંટવામાં આવે ત્યારે તરત માલુમ પડે કે કોઇ સ્થળ છાંટવા વગર રહ્યું છે કે નહિ. આ લોશન ખુલ્લાં ચોગાનમાં તૈયાર કરવું એ ખાસ અગત્યનું છે.

(૭) ઘરને ચૂનો ધોળાવવો.

ધુપ.

લીંબડાના પાતરા, ગુગળ, ચોખા, ઘી, લોબાન વગેરેનો ધૂપ કરવો.

ગાંઠીઓ તાવ અને ગ્રંથીક જ્વરના પ્રથમ ચીન્હો.

ભુખનો નાસ થાય, ચિંતાતુર રહે, સાંધાઓ અકડાવા લાગે. છાતીમાં મુઝવણ થાય, હૃદયના ધબકારા વધવા લાગે, આંખો નિસ્તેજ થાય, લાલચોળ ચળકતી કીકીઓ મોટી દેખાય, ઉબકા આવે, માથામાં દુઃખાવો થાય. ટાઢ વાઇને તાવ ચઢે વખતે ૧૦૨ થી ૧૦૭ ડીગ્રી સુધી તાવ થાય.

ગાંઠ નીકળવાની જગ્યાપર દુઃખાવો થાય, ચામડી સુકાય નાડીની ગતી વધે, પેટમાં બળતરા થાય, બહેરાશ આવે.

જીભનો વચલો ભાગ સફેદ ચાક જેવો નજરે પડે અને આગલો ભાગ લાલચોળ થાય વખત જતાં જીભ ફાટી જઇ કાળી પડે.

ઘેન અને નિંદ્રા વધે.

ગાંઠો નીકળવાની જગ્યાઓ.

ગળું, બગલ, જાંગ, નીચલા જડબાની આગીમાં ગરદન ઉપર, ગાંઠો દેખાય.

રોગીના સાધ્ય અસાધ્ય લક્ષણ.

(૧) જે રોગીને બે ત્રણ દીવસ તાવ આવ્યા પછી ગાંઠ દેખાય છે તે બચી જાય છે.

(૨) પહેલો તાવ આવીને પછી ગાંઠ દેખાય તે પણ બચી જાય છે.

(૩) જે રોગીને પ્રથમ દુઃખાવો થઇ તાવ આવે તે સારા થવા મુશ્કેલ છે.

દરદીને સારા થવાના લક્ષણો.

(૧) ગાંઠ પાકી પ્લેગનું ઝેર અથવા પરૂ દેખાય તો બચવા પામે.

(૨) તાવ ઓછો થતો જાય.

(૩) જીભમાં ભીની આવે. ધીમે ધીમે સ્વચ્છ થાય.

(૪) નિંદ્રા અને ઘેન ઓછું થવા માંડે.

(૫) આંખોની રતાસ કમી થવા લાગે.

(૬) પસીનો છુટીને તાવ નરમ પડવો એ સારા થવાની આગાહી કરે છે.

(૭) પ્લેગનો દરદી સાત દીવસ બચી જાય તો જીવવાની આશા રહે.

મળ પરીક્ષા

પીળાસ પર મળ અશક્ત નહિ બનાવતાં આરોગ્યની આગાહી કરે છે.

કાળો ગંધાતો ઝાડો પુષ્કળ અશક્ત બનાવનાર લોહી બગડવાની સાબીતી આપે છે ને મૃત્યુની સુચના કરે છે.

પથ્યાપથ્ય

૧ દરદીના બીછાના, કપડા વગેરે સાફ રાખવા.

૨ મળમુત્ર દુર ફેંકાવવા અથવા દટાવવાં.

૩ સ્વચ્છતા અને ચોકખાઇના નિયમો જેમ જાળવવામાં આવે તેમ દરદી અને સારવાર કરનારા ઉભયને લાભદાયક છે.

૪ રોગની શરૂઆતમાં જુલાબ આપવો.

૫ દરદીને ઉપવાસ કરાવવા સૌથી શ્રેષ્ઠ છે.

૬ આદુ, ફૂદનો તુળસીનો ઉકાળો કરી દુધ નાંખી દીવસમાં બે ત્રણ વખત આપવો.

૭ ખોરાક ત્રણ ચાર દીવસ બીલકુલ આપવો નહિ પણ માત્ર મગનું પાણી. પાણીમાં મીઠું નાંખી

ચોખાની, ઘઉંની કે બાજરીની કાંજી ખાસ જરૂર જણાય તો આપવી.

૮ દરદીને એક શેર પાણીને ઉકાળીને અડધો શેર રહે તેવું પાણી ઠંડુ થયા પછી પીવા આપવું.

૯ રોગીને ખુલ્લી હવામાં રાખવો પણ શરીર પર ગરમ કપડાં ઓઢાડવાં.

૧૦ તાવને માટે પિત્ત શાંત થાય તેવા ઉપાય કરવા.

૧૧ દરદીને માથે બરફ મૂકવું નહિ. લીલું ફ્રુટ બિલકુલ આપવું નહિ (ડૉકટરની સારવારમાં હોય તો તેની સલાહ પ્રમાણે વર્તવું)

૧૨ ઠંડા ઉપચારો આ રોગમાં જીવલેણ છે.

૧૩ ગરમ ઉપચાર કરવા અગત્યના છે તેમજ દરદીને સુવાવા દેવો નહિ.

૧૪ દરદીને ગભરાવવો નહિ મન દ્રઢ રાખવું અને સહેજ સહેજમાં ગભરાવું નહિ.

૧૫ દરદીના રૂમમાં ચાર ખુણે તુળશીનાં કુંડા રાખવા.

મરકી યાને પ્લેગના ઉપચાર પદ્ધતી.

પીવાની દવા.

(૧) કડુ કરીઆતુ, બીલાની છાલ, ખડસાલીઓ, કાળી દ્રાક્ષ, અને સોનાગખી દરેક બે તોલા લઈ ૬૪ તોલા પાણીમાં ઉકાળો કરી આઠમાં ભાગનું પાણી રાખી ચાર ચાર કલાકે આપવો આથી દરદીને આરામ થાય છે.

(૨) લીંબડાની લીંબોળી, પાન, છાલ કુણી, કુણી ટીસીઓ, કાળા મરી આ બધી વસ્તુઓ સમભાગે લઈ ખાંડી કપડે ચાળી રોજ અડધો તોલો મધ અથવા પાણી સાથે લેવાથી ફાયદો થાય છે.

(૩) પ્લેગની શરૂઆતમાં સરકારી કવીનાઇનનો ઉપયોગ કરવાથી ફાયદો થાય છે.

(૪) ગાંઠ દેખાવા માંડે કે બે ઔંસ વિલાયતી મીઠામાં ઉંચી જાતની બ્રાન્ડી એક ચમચો મેળવી પાવાથી સેંકડે ૯૮ ટકા દરદીઓ બચે છે.

પ્લેગની ગાંઠ ઉપરના લેપ.

(૧) આસંધ જેને સંસ્કૃતમાં અશ્વગંધા, [illegible]માં વિંટરચેરી વગેરે નામથી ઓળખે છે તેના

મૂળીઆ મળે તો તાજા લેવા. તેને પાણીમાં ઘસીને ચંદનના ગાફક ગાંઠ ઉપર ચોપડવું. ગાંઠની આજુબાજુ જ્યાં સુધી સોજો હોય અગર જગ્યા લાલ હોય ત્યાં લગી ચોપડવું. આ લેપ સુકાવાથી, તણાવા માંડે છે અને ચોતરફ પસરેલો સોજો એક મધ્ય બીન્દુમાં એકઠો થઇ ઉપર તરી આવે છે. જેમ જેમ ગાંઠ ઉપર તરી આવે તેમ તેમ દરદીને આરામ થાય છે છેવટે ગાંઠ પાકીને ફાટી જાય છે.

આ સાદા ઉપાયથી સેંકડો કેસો પ્લેગના સારા થયા છે.

ગાંઠના ફુટવા પછી ઘઉંના લોટની પોટીસ બાંધવી અને આજુબાજુ આસંધનો લેપ કરવો એટલે પોટીસ વાટે પરૂં બહાર ખેંચાઇ આવશે દરદીને પીવાને આગળ જણાવેલી કોઈ દવા આપવી અથવા પ્રો. ગજ્જરનું પ્લેગ મીકસચર આપવું.

નુકસો બીજો.

ગાંઠ ઉપર ગુલેઅરમાની, લીલા ધાણાનો રસ, અથવા ગુલાબજળ અને તે ન મળે તો પાણીમાં મેળવી કઢી જેવું પાતળું બનાવી ગાંઠ ઉપર આખુ આખુ લીલું સુકું ચોપડવું.

આ લેપથી ગાંઠ ભીતર હશે તો તરી આવશે, કાચી હોય તો પાકી જશે ને ફૂટી જશે ને ફૂટી ગઇ હોય તો રૂઝાઇ જશે.

નુસ્કો ત્રીજો.

ગાંઠ પર ભીલામાંનું તેલ લગાડી ઉપર ઈંટનો ભુકો અથવા રેતી ભભરાવી. ઈંટને ઉની કરી કપડામાં મૂકી સેક કરવો. કદાચીત ભીલામાનું તેલ લગાડતા ઉડે તો તે જગ્યાપર કળીચુનો વઘાર કરી તેલમાં કાલવી ચોપડવો એની જોડે ખાવાને નીચેની ઓષધી આપવી.

ખાવાના પાનમાં વપરાતો કળીચુનો કપડાની પુટીમાં દબાવી તેનું પાણી કાઢી નાંખી ગાયનું ઘી મેળવી ચણા જેવી ગોળી બનાવવી બેત્રણ ગોળી દર કલાકે ચટાડવી દરદી ખાઇ ન શકે તો ગરમ પાણીમાં ગોળી મેળવી ગળામાં ઉતારી દેવું બનતાં લગી દર વખતે તાજી ગોળી બનાવીને આપવી. દસ બાર વખત આપવામાં આવે તો પણ નુકસાન થતું નથી. લીંબોળીનું તેલ પાંચથી દસ તોલા ગૌમુત્રમાં મેળવી પાવું, કદાચ ઝાડા ઉલટી થાય તો ગભરાવું

નહિ. લીંબોડીનું તેલ માથે અને પગને તળીએ ઘસવું. પુષ્કળ ઉકાળેલું પાણી દરદીને કલાકે કલાકે આપવું.

નુસખો ચોથો

પ્રથમ પ્લેગના દરદીને ગાંઠ ઉપર ટીંક્ચર આયોડાઇન ચોપડવું. તે સુકાયા બાદ સ્ટ્રોંગ એસીડ નાઇટ્રીક ગાંઠ ઉપર નજદીક નજદીક ચાયણી જેવા ટપકા પાડવા આનાથી બળતરા થશે પછી નીચેનો લેપ મારવો.

ઈસસ, કોડીઓ લોબાન, એળીઓ, બરાસ, કપુર, આ બધી વસ્તુઓ પાણીમાં વાટી લેપ કરવો ને ઉપર રૂની અડધા ઇંચની ગાંદી મૂકવી, આ ઉપાયથી **તરતની ગાંઠ ૫૫ કલાકમાં અને જુની ગાંઠ એક દીવસમાં બેસી જાય છે.**

ત્રીજે દીવસે લેપ ઉખેડવો એટલે પીપ વહી જશે. પછી ચાંદા ઉપર શંખજીરૂ છાંટવું.

નુસખો ૫ મો

ટીંક્ચર ઑફ આયોડાઈનનું એકેક ટીપું થોડાં પાણીમાં મેળવી દરેક બબે કલાકે પાવું અને પ્લેગની

ગાંઠ ઉપર આયોડાઇન ઘસવાનું આખો વખત ચાલુ રાખવું. આ દેખીતા સાદા ભાસતા ઉપાયથી ૬૦માંથી ૫૬ કેસ સારા થયા હતા. ને ૫૧ માંથી ૫૦ કેસો હુમેદપૂરમાં સારા થયા હતા જે લોક મરી ગયાં તે મોડા ન આવતે તો તેમાંથી કેટલાક બચી શકતે એમ સાલ્વેશન આર્મીબોયઝ ઈન્ડસ્ટ્રીયલ હોમના એન્સાઇન બોથા જુ જણાવે છે.

નુકસો ૬ ઠો

વાંદરા છાપનું સ્પાસલેટ તો. ૨૦ પીવાથી ચાલીસ રોગી થારા થયા છે.

પરસેવો બહુ થતો હોય તો તે અટકાવવાના ઉપાય.

શરીરે રાખ ચોળવી. અજમાને વાટી તેનો ખરડ કરવો અળસીનો ભુકો શરીરે ચોળવો.

પીસાબ વાસ મારતો અટકાવનાર ઔષધી

પીસાબની આસપાસનો ભાગ તથા પીઠપર તેલ ચોળીને શેક કરવો અથવા રેવચીનો શીસે ગરમ કરીને ઓટી પોટા (વર) ઉપર લગાડવું.

પ્લેગમાં નસ્ય

પ્લેગમાં દરદી બેભાન હોય અથવા ઘેનમાં પડી રહ્યો હોય તો તેને ઉન્મત રસ સુંઘાડવો.

પ્લેગમાં અંજન.

દરદી ઘેનમાં બેભાન હોય તો અંજન આંજવું નેપાળાના બીનાં મીંજ તો. ૨.

વછનાગ, પીપરીમૂળ, હીંગળોક, દરેક ૧ તોલો સાથે મેળવી લીબુંના રસમાં ૭ દીવસ ઘુંટી સુકવી મુકી રાખવી આ અંજન બધા સંન્નીપાતોમાં ઉપયોગી છે.

પેટમાં બળતરાનો ઉપાય.

ખડસાલીઓ, પીત પાપડો લીંબડાની છાલ ધાણા અને કાળીદ્રાક્ષ એ બધા સરખે ભાગે લઇ વાટી પાણીમાં પાવાથી બળતરાની શાન્તી થાય છે.

પ્લેગમાં શ્વાસ ઉપડે તેનો ઉપાય.

ગોળ કાંટાળા થોરના કોમળ છોગાં કાટાં કહાડી, અગ્નીમાં તપાવી કુટીને પાણી કહાડવું તેપાણીથી લોબાન ફુલ (Acid Benzoin)ની ચણા જેવડી ગોળી કરવી ને પા પા કલાકે બે ગોળી પાણીમાં આપવી.

સન્નેપાત અટકાવવાનો ઉપાય.

(૧) દરદી નાસ ભાગ કરે બકવાટ કરે તે બ્રહ્મપીપળાની વડવાઈ કુટી કપડછાંડ કરીને ના તો. ખવરાવવાથી શાંતી થશે.

(૨) ત્રાયોનલ (Trional) અથવા સલ્ફોનલ (Sulphonal) પંદરથી વીસ ગ્રેન પાણી સાથે ફકાવી દેવાથી ફાયદો થશે.

સામાન્ય આ રોગને લાગુ પડે તેવી દેશી તૈયાર મળતી દવાઓ.

ચંડેશ્વર રસ, મૃત્યુશાસન રસ, પ્લેગનાશિની વટી, તિકવાદી કવાથ આ દવા ગોંડળ રસશાળામાં બને છે મહાજ્વરાંકુશ, શ્વાસકુઠાર રસ, સુતશેખર રસ, મૃત પ્રાણદાયી રસ, સ્વચ્છંદ ભૈરવ અને ત્રીપુર ભૈરવ રસ આ દવાઓ ફાર્મસીમાં તૈયાર મળે છે

પ્લેગ વખતે દરેક આદમીએ પાળવાના નિયમો.

(૧) દરદીનો શ્વાસ જાણે અજાણે કોઈએ લેવે નહિ, નહિતર તરત રોગ લાગુ પડે છે, મ્હોડે અને માથે ઓઢીને સુવુ નહિ,

(૨) હલકો ખોરાક લેવો, અજીર્ણ થાય તેવા પદાર્થ લેવા નહિ, રાત્રે સહેજ ઓછું ખાવું.

(૩) દીવેલીનું તેલ બે ટીપાં રોજ પીવું ને ફીલે માલીશ કરવું.

(૪) આરોગ્ય વર્ધની ગોળી સવાર સાંજ બબે લેવી.

(૫) મહાલાક્ષાદિ તેલ કે લક્ષ્મી વિલાસ તેલ ચોળવું.

(૬) પ્લેગ પ્રતિબંધ ગોળી ૮ કે ત્રણ લેવી.

(૭) ઉપરના ઇલાજોમાંથી ખાવાની એકાદ દવાનું જ સેવન કરવું. કાંદા ખજુરનું સેવન કરવું.

(૮) કોઇ પણ ઉપાય નહિ બની શકે તો રોજ પાકી લીંબોળી ખાવી તેથી પ્લેગ થવાની ધાસ્તી રહેતી નથી. અને તેજ પ્રમાણે કોઇ પણ ઇલાજ જલદી હાથ ન લાગે તો પ્લેગના દરદીને તાત્કાળ નિર્બંધ લીમડાનો રસ દીવસમાં એક બે વખત એક વાઇન ગ્લાસ જેટલો પાવો ને લીમડાના પાતરાંનો રહેલો ઝુંદો ગાંઠ પર બાંધવાથી રોગી સારો થાય છે.

(૯) પ્લેગવાળા ગામના શાક ભાજી અનાજ વગેરે કોઈ પણ વસ્તુનો ઉપયોગ કરવો નહિ.

(૧૦) હોટલ વગેરે બજારની ખાવાની ચીજનો ઉપયોગ કરવો નહિ.

(૧૧) રોજ સવારે ખુલ્લી હવામાં ફરવા જવું અગર નિયમસર કસરત કરવી.

પ્લેગને બહારઆમ ફેલાતો અટકાવવાનો ઉપાય.

આ જીવલેણ દરદના જંતુને દુર કરવાને બીછાનું વગેરે સુર્યના તાપમાં જ્યાં ઝાડ ઝાંખરા ન હોય પણ જમીન રેતાળ અને સખ્ત તપેલી હોય અને જગ્યા સપાટ હોય તેના પર ઢોરના પગલાં પડયાં નહિ હોય એવી જગ્યામાં કપડા એકવડા એક કલાક પાથરી રાખવાથી જંતુઓ સુર્યના તડકાથી મરી જશે. ગોદડા, તળાઈ વગેરે જાડા વસ્ત્રોને બે બાજુએ સારા તપાવવા જોઇએ.

જગ્યા જો રેતાળ ન હોય તો તેના ઉપર ત્રણ ઈંચ ઉંડો રેતીનો થર કરવો, આવી તૈયાર બનાવેલી

જગ્યાના છેડાથી ત્રણ ફીટની અંદર કપડા પાથરવા નહિ

અવશ્ય કરીને બહારગામ જતાં પહેલા આ ઉપાય અજમાવવાની જરૂર છે.

સમાપ્ત.

તમારી મુજવણનો ખુલાસો.

તમે જો કોઇ પણ રીતની ઉપાધી જેવી કે શારીરીક, માનસીક સંસારીક વગેરેમાં સપડાયા હોય તો એક વખત અમને મળો કારણ કે જ્યોતીષ, Astrology મુખલક્ષણ Physiognomy હસ્તરેખા Palmistry મસ્તકપરિક્ષા Phrenology અક્ષર પરિક્ષા Graphology છેલ્લી શોધ મુજબ સાયન્સને આધારે તપાસી નિરાકરણ કરવામાં આવે છે. હસ્તરેખા પરથી વર્ષફળ ને જીંદગીનો ટુંક વૃત્તાંત બનાવવામાં આવે છે. આ ઉપરાંત જન્મોત્રી ટપકા વર્ષફળ વગેરે બનાવી આપવામાં આવશે.

અમારા કામ માટે હિંદુસ્થાન, એડવોકેટ ઓફ ઇન્ડીઆ, પ્રજામિત્ર અને પારસી, બોમ્બે ક્રોનીકલના તંત્રીઓએ સુગ્ય કહે

પ્રશંસા કરી છે તેજ અમારા કામની સાબીતી માટે પુરતા છે.

અમારા કામ માટે નવસારી, ઉદવાડા, સુરત મુંબઈ વગેરે અન્ય સ્થળોની પ્રજાએ તેમજ ખાસ કરીને વિદ્વાનોએ સંતોષ જાહેર કર્યા છે. તેમના સેંકડો પ્રમાણ પત્રો મોજુદ છે.

ફીમાં પણ ખાસ ઘટાડો કરવામાં આવ્યો છે

(૧) હસ્તરેષા પરથી જીંદગીનો લેખીત સાર રૂા. ૧૫

(૨) હસ્તરેષા પરથી વર્ષફળ લેખીત સાર રૂ. ૩

(૩) હસ્તરેષા પરથી જીંદગીનો સામાન્ય સાર કહેવાની ફી રૂ. ૨.

(૪) તમને અને વિદ્યાર્થીને કઇ લાઈન બંધબેસતી થઈ પડશે તે કહેવાની ફી રૂ. ૨.

(૫) વિદ્યાર્થીને ફક્ત આઠ આના વિશેષ લઇ આખી જીંદગીની રૂપરેખા કહેવામાં આવશે.

આ ઉપરાંત જન્મોત્રી, ટપકાં, વર્ષફળ વગેરે બનાવી આપવામાં આવશે.



[illegible] મે. [illegible] વી. [illegible].

[illegible]

[illegible]

[illegible]

[illegible] સુધી ન [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] છે કે તે [illegible] [illegible] છે [illegible] અને [illegible] [illegible] [illegible] તે માટે [illegible] [illegible] [illegible] [illegible] આવી છે.

(૧) [illegible]—આ [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] અને [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] વગેરે [illegible] [illegible] છે

[illegible]

(૨) [illegible]

(૩) [illegible]

તા. [illegible]